ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ઓનલાઈન કનેક્ટીવીટીમાં ફોલ્ટ સર્જાતા વહીવટી કામગીરી ખોરવાઈ

ગાંધીનગર, તા. ૨૮

પાટનગર યોજના ભવનમાં છેલ્લા મહિનાથી જી સ્વાનની કનેક્ટીવીટી ખોરવાતા વહીવટી કામગીરી પર વિપરીત અસર થઈ છે.

**છેલ્લા એક મહિનાથી કેબલ ફોલ્ટના લીધે ડેટા અને ટેન્ડરની પ્રક્રિયા પર વિપરિત અસર**

ટેલીફોન સેવા ઠપ્પ થઈ જતા તંત્ર માટે શિરદર્દ ઉભો થયો છે.

શહેરમાં પાણી-ગટર, રસ્તા સહિતની મહત્વની પાયાની સુવિધાઓ માટેની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવનમાં છેલ્લા એક મહિનાથી ફોન સહિત ઓનલાઈન કનેટીવીટી ખોરવાઈ ગઈ છે. જી-સ્વાનની ઓનલાઈન કનેક્ટીવીટીમાં ખામી સર્જાતા તંત્રની વહીવટી કામગીરી ઉપર વિપરિત અસર થવા પામી છે. કેબલ લાઈનમાં મોટો ફોલ્ટ સર્જાતા પાટનગર યોજના ભવનની કચેરીઓમાં ટાટાના ફોન પણ બંધ હાલતમાં છે જ્યારે ઓનલાઈન કામગીરી પણ ઠપ્પ થઈ જતા ઓનલાઈન ટેન્ડરપ્રક્રિયા ઉપરાંત જરૂરી ડેટા વિભાગમાં મોકલવાની કામગીરી પણ અટવાઈ પડી છે. કેબલ ફોલ્ટના લીધે જી-સ્વાનની સેવા બંધ થઈ ગઈ હોવાનું પણ ધ્યાને આવ્યું છે. તંત્ર દ્વારા આ મામલે સંબંધિત કક્ષાએ રજૂઆત પણ કરવામાં આવી છે. આમ છતાં લાંબા સમયના અંતે પણ કોઈ પગલા લેવાતા નથી.



(તસવીર : દિપક જાની)

ટાઢ, તાપ અને વરસાદથી બચવા માટે એક આશરાની જરૂર પડે છે. ઘર, મકાન, આશિયાના હોમ જેવા નામે ઓળખાતા આ સ્થળે અનેરી શાંતિ મળે છે અને બાળકોનો સારી રીતે ઉછેર થાય છે. માત્ર મનુષ્યોને જ આવા આશિયાનાની જરુર હોય તેવું નથી, પશુ-પંખીઓ પણ પોતપોતાની અનુકૂળતા અને જરુરીયાત મુજબ આવું સ્થળ શોધી લે છે, અને તેમાં પોતાનું ઘર-માળો બનાવી લે છે. શહેરી વિસ્તારમાં મકાનોના જંગલમાં પંખીઓને પોતાનો માળો બનાવવામાં તકલીફ પડી રહી છે ત્યારે સેકટર-૩૦માં આવેલા વનચેતના કેન્દ્રના વૃક્ષો પર અસંખ્ય પંખીઓએ પોતાના માળા બનાવ્યા છે. કબુતર, હોલા, ખિસકોલી, ચકલી, લેલા, કાબર જેવા પંખીઓ કે જેઓ પોતાનો માળો ગુંથતા નથી તેમને માળો બનાવવામાં સુગમતા રહે તે માટે અહીંના વૃક્ષો પર ઠેર ઠેર કાણાં પાડેલા માટલા (ગરબા) લટકાવવામાં આવ્યા છે. વનચેતના કેન્દ્રના રણજીતસિંહ કહે છે કે પેથાપુરના મહાકાળી માતાના મંદિરે માનતાના ગરબા ચઢાવવામાં આવે છે. આ કોરેલા ગરબાઓને જો વૃક્ષો પર લટકાવી દેવામાં આવે તો પક્ષીઓ તેમાં માળો બનાવી શકે છે તેવો વિચાર આવતા અમે વનચેતના કેન્દ્રના વૃક્ષો પર ત્રણસોથી વધુ આવા માટલા લટકાવ્યા છે. દાણા નાંખીને લટકાવેલા આવા માટલાઓ પંખીઓને ખુબ પસંદ આવી ગયા છે અને ઘણાંએ તેમાં માળો બનાવી બચ્ચાંઓને ઉછેરવાનું શરુ કરી દીધું છે..! છે ને પંખીઓના રક્ષણ માટેનો અદ્ભૂત વિચાર...!

# સીધી ભરતી હેઠળના કર્મચારીઓને સરકારી આવાસ ખાલી કરવા નોટીસ

ગાંધીનગર, તા. ૨૮

સીધી ભરતી હેઠળના હંગામી કર્મચારીઓને સરકારી આવાસ ખાલી કરી દેવા નોટીસ આપવામાં આવી છે. તંત્ર કક્ષાએથી આવા ૧૨૭ કિસ્સામાં નોટીસ આપી બાકીનું ભાડુ ભરપાઈ કરવા જણાવાયું છે. જયારે આવાસ ખાલી નહીં કરાય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાશે.

શહેરમાં સ્થિત ૧૬ હજારથી વધુ સરકારી આવાસો પૈકી ઘણા ખરા ખાલી હાલતમાં છે. એક તરફ આવાસોની મરામત માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. જયારે બીજી તરફ આવાસની ફાળવણીના અંતે નિયત શરતોનું પાલન ન થતું હોય તેવા કિસ્સામાં તંત્ર કક્ષાએથી કડક પગલા લેવામાં આવે છે. ભાડા વસુલાતી શાખા દ્વારા અગાઉ પણ કર્મચારીઓની બદલી કે અવસાન બાદ પણ મકાનમાં કબજો ધરાવતા સામે કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે પોલીસની મદદથી ગેરકાયદેસર કબજો ધરાવતા મકાનો પણ ખાલી કરી દેવાયા હતા. આ ઉપરાંત આવાસના ઉપયોગમાં હેતુફેર બદલ પણ સંસ્થાઓને નોટીસ આપી ભાડાની વસુલાત કરવામાં આવી હતી. જયારે હવે સીધી ભરતી હેઠળના હંગામી કર્મચારીઓને પણ મકાન ખાલી કરી દેવા નોટીસ આપવામાં આવી છે. સૂત્રોના

**તંત્ર એ ૧૨૭ કિસ્સામાં નોટીસ આપી : જરૂર પડે કોર્ટ કેસ દાખલ કરાશે**

જણાવ્યા અનુસાર મંત્રી કાર્યાલયમાંથી છૂટા કરાયેલા વર્ગ-૩ અને ૪ના સીધી ભરતીના સ્ટાફના કર્મચારીઓને મકાન ખાલી કરવા તેમજ બાકીનું ભાડુ ભરપાઈ કરવા નોટીસ અપાઈ છે. જેમાં ૧૨૭ કિસ્સામાં નોટીસ આપી આવાસ ખાલી કરવા સૂચના આપવામાં આવી છે. અગાઉ મંત્રીની ભલામણથી સીધી ભરતી હેઠળના આ કર્મચારીઓને વિવિધ કક્ષાના આવાસની ફાળવણી કરવામાં આવી હતી. ભાડુ ભરપાઈ કરી નિયત સમયમાં આવાસ ખાલી નહીં કરવામાં આવે તો તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે તેમ પણ જણાવાયું છે.

# ગાંધીનગર-અમદાવાદ કોરીડોરનો રીવાઈઝ પ્લાન તૈયાર કરાશે

**ટોરેન્ટ કક્ષાએથી ૧૩૨ કે.વી. લાઈનના કામની ગતિવિધિ હાથ ધરાતા પ્રોજેક્ટનો પુનઃ અભ્યાસ કરાશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર-અમદાવાદ કોરીડોરના આયોજનને અનુલક્ષી રીવાઈઝ પ્લાન તૈયાર કરવામાં આવશે. ટોરેન્ટ પાવર દ્વારા ૬૬ કે.વી.માંથી ૧૩૨ કે.વી. લાઈનનું કામ હાથ ધરવાની ગતિવિધિઓના અંતે કોરીડોરના ડ્રોઈંગમાં ફેરફાર કરાય તેવી સંભાવના છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ધબકતા ટ્રાફિક વ્યવહારને સરળ બનાવવા તેમજ મેગાસીટી અને પાટનગર વચ્ચેનું જોડાણ ઝડપી બને તેવા આશયથી એક્સપ્રેસ વે બનાવવા આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર-અમદાવાદ કોરીડોરને અનુલક્ષી ગત બજેટમાં પણ રૂ. ૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. જ્યારે આ દરમિયાન મેટ્રોરેલ પ્રોજેક્ટને ધ્યાને લઈ ગાંધીનગર-અમદાવાદ કોરીડોરનું આયોજન આખરી કરવા અભ્યાસ હાથ ધરાયો હતો. ચ-૦ થી હાંસોલ વચ્ચેના

● અનુસંધાન પાન-૭ પર

## ઠંડી ઘટતા રાહત લઘુત્તમ ૧૪ ડિગ્રી

ગાંધીનગર, તા. ૨૮

પવનોનું જોર ઘટતા ઠંડી પણ સાવ ઘટી ગઈ છે. લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચી જતા ઠંડીથી ખુબ રાહત મળી છે.

ગયા અઠવાડિયે લઘુત્તમ તાપમાન દસ ડિગ્રીની અંદર જતા વસાહતીઓ કડકડતી ઠંડીમાં ઠુંઠવાયા હતા. વસાહતીઓ ઠંડીમાં અકળાઈ જાય તેવા ઠાર અને ઠંડા પવનોનો સામનો કર્યો હતો. જો કે છેલ્લા બે દિવસથી ક્રમશઃ ઠંડી ઘટતી જાય છે. આજે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચી જતા વસાહતીઓને ખુબ રાહત મળી હતી. મહત્તમ તાપમાન ૨૮.૬ ડિગ્રીએ પહોંચતા ઠંડીનો કહેર ઓછો થયો હતો.



ગઈકાલે રવિવારે જ્યાં અમદાવાદમાં હજારો સાયકલીસ્ટો 'સાયકલોથોન'માં સવાર હતાં ત્યાં ગાંધીનગરના 'ઘ' માર્ગ પર ૧૪૦૦ થી વધુ યુવાનો ડી.એ.આય.આય.સી.ટી. કોલેજનાં યુથરન-૨૦૧૩માં મસ્તીથી દોડી રહ્યાં હતા. સવારની ફુલ ગુલાબી ઠંડીનાં માહોલમાં ઘ-૦થી યુથરન-૨૦૧૩નો શુભારંભ થયો હતો. ગુડાના અધ્યક્ષ અશોકભાઈ ભાવસારે 'દોડેગા ગુજરાત'ની ગર્જના સાથે ફ્લેગ ઓફ કરાવ્યું હતું. એમની સાથે કલ્પતરૂ કંપનીના સી.ઈ.ઓ. અને મેરેથોન રનર બી.કે. સતીષ, ઈન્ફોસિટીના ડાયરેક્ટર સુવાસ બારોટ અને ધીરૂભાઈ અંબાણી કોલેજના ડીન એસ.પી. સહસ્રબુદ્ધે આ યુથરનનો પ્રારંભ કરાવ્યો. ૫ કિ.મી. અને ૮ કિ.મી. એમ બે વિભાગમાં વહેંચાયેલી આ દોડમાં અબાલ-વૃદ્ધ સૌએ ભાગ લઈ 'ઘ' રોડ છલકાવી દીધેલો. પેશન ફોર નોલેજના ધ્યેય સાથે યોજાયેલી આ રનનાં આયોજનમાં કોલેજનાં વિદ્યાર્થીઓ આયુષી, ધ્રુવ, ઈશાન અને શ્રેયાએ ભારે જહેમત ઉઠાવેલી. યુથરનનાં આયોજનમાં આ વિદ્યાર્થીઓ ઉત્સાહ વધારવા અને કાર્યક્રમને સફળ બનાવવાં ગાંધીનગરનાં મેરેથોન રનર અને યુવા સાહિત્યકાર સંજય થોરાતે અનેરો સહયોગ આપેલો. સ્પર્ધાના વિજેતાઓને રોકડ ઈનામ અને પ્રમાણપત્રોથી સન્માનીત કરવામાં આવ્યાં હતાં. યુથરન બાદના સેમીનારમાં યુવા અનસ્ટોપેબલનાં સી.ઈ.ઓ. અમિતાભ શાહે યુવાનોની બેટરી ચાર્જ કરાવી દીધી. મસ્ત મજાનાં બેનર અને સુવ્યવસ્થિત આયોજનથી વિદ્યાર્થીઓની સુઝબુઝ ધ્યાન ખેંચે એવી હતી. કોલેજનાં પ્રો. જયદીપે કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી ઉપાડેલી. આ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગરનાં લોકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

## ત્રણ નાયબ મામલતદાર અને ૧૬ કારકુન બદલાયા

ગાંધીનગર, તા. ૨૮


ગાંધીનગર જિલ્લા કલેકટરે આજે ત્રણ નાયબ મામલતદાર અને ૧૬ જેટલા કારકુનોની બદલીના હુકમો જારી કર્યા છે.

જિલ્લામાં યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ રાજય ચૂંટણી પંચ તરફથી મંજૂર થઈ આવેલ ત્રણ જગ્યાઓ પર નાયબ મામલતદારોની નિમણુંક કરવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણીઓ સંપન્ન થતાં જિલ્લા કલેકટર હસ્તકના ૧૬ કારકુનોની બદલી પણ આજે કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી આ બદલીઓ તોળાઈ રહી હતી.

## ખેલમહાકુંભમાં ટેબલટેનીસ સ્પર્ધામાં ડૉ. પ્રણવ જોશીપુરા વિજેતા

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ટેબલટેનીસ સ્પર્ધા



કસ્તુરીનગર, ઈફકો ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર શહેરના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓની કેટેગરીમાં સતત ત્રીજીવાર ડૉ. પ્રણવ જોષીપુરા વિજેતા રહ્યા હતા જ્યારે દ્વિતિયક્રમે વિરેન સોની, તૃતીય ક્રમે મીત જોષી અને ચોથા ક્રમે અચલ શાહ વિજેતા રહ્યા હતા. જ્યારે ૪૫ વર્ષથી ઉપરની ઉંમરના ભાઈઓની કેટેગરીમાં હરેશ રાઠોડ વિજેતા બન્યા હતા. દ્વિતીય ક્રમે રાજુ ત્રિવેદી રહ્યા હતા. ૧૬ વર્ષથી ઉપરની બહેનોની સ્પર્ધામાં નિરહા દેસાઈ વિજેતા રહ્યા હતા. તથા અર્ચના દ્વિતીય ક્રમે રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લાકક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં ૧૬ વર્ષથી ઉપરની ભાઈઓની કેટેગરીમાં મનિષ શાહ વિજેતા રહ્યા હતા. જ્યારે દ્વિતીય ક્રમે રાજુ ગણાત્રા રહ્યા હતા. ૪૫ વર્ષથી ઉપરની ભાઈઓની કેટેગરીમાં હિરેન શાસ્ત્રી વિજેતા રહ્યા હતા.

## ખાનગી પેટ્રોલ પંપો પરથી એસ.ટી. બસમાં ડિઝલ ભરાવવા નિગમનો નિર્ણય

ગાંધીનગર, તા. ૨૮

એસ.ટી. નિગમની બસોને હવેથી ખાનગી પેટ્રોલપંપો પરથી ડીઝલ ભરાવવા દેવાની છૂટ આપવામાં આવી છે. આજે રાજયના વાહનવ્યવહાર વિભાગે આ નિર્ણય લીધો છે.

એસ.ટી. નિગમની બસો ડીઝલથી ચાલે છે અને અત્યાર સુધી નિગમની બસો માટે આઈ.ઓ.સી. પાસેથી ડીઝલ ખરીદવામાં આવતું હતું.

કેન્દ્ર સરકારે ઓઈલ કંપનીઓને ભાવ નક્કી કરવાની સત્તાઓ આપવામાં આવતાં આઈ.ઓ.સી. દ્વારા પોતાની રીતે ડીઝલમાં ભાવવધારો ઝીંક્યો છે જેના કારણે એસ.ટી. નિગમ પર ખુબ મોટુ આર્થિક ભારણ આપવા પામ્યું છે.

આજે અત્રે આ અંગેની વિગતો આપતાં રાજયના વાહન વ્યવહારમંત્રી નિતીનભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર રેન્જમાં મહિલા સુરક્ષા સ્કવોડની રચના કરાઈ

**મહિલા અત્યાચારના ગુનાઓ અટકાવવા નવતર આયોજન : મહિલાને થતા અત્યાચાર સામે પોલીસ કર્મી સંવેદનશીલ અને માનવીય અભિગમ કેળવે તે માટે સેમિનાર યોજાયો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર રેન્જના ગાંધીનગર મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં મહિલા અત્યાચારના ગુના બનતા અટકાવવા તથા તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા મહિલા સુરક્ષા સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. જેમાં બે બાઈક તથા બે જીપ ફાળવવામાં આવી છે. પેટ્રોલિંગમાં નિકળનાર ગણવેશમાં સજ્જ મહિલા પોલીસ પાસે રીવોલ્વર રહેશે. જિલ્લાની તમામ નાની-મોટી સંસ્થાઓ, કોલેજો, ટ્યુશન કલાસીસ, બગીચા, શોપીંગ મોલ અને એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ જેવા મહત્વના સ્થળો પર મહિલાઓની સુરક્ષા માટે સઘન પેટ્રોલીંગ કરવામાં આવશે.


ગાંધીનગર રેન્જ પોલીસ મહિલા અને બાળ વિકાસ વિભાગ, વિવિધ એનજીઓ અને જાણીતી આવાજ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં સ્થિત મહાત્મા મંદિરમાં આવેલા સેમિનાર હોલમાં 'મહિલા સુરક્ષા અને પોલીસની ભૂમિકા' અંતર્ગત સેન્સીટાઈઝેશન સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં રાજ્ય પોલીસ વડા ચિતરંજન સિંઘ, મહિલા અને બાળ વિકાસ વિભાગના સેક્રેટરી અંજુ શર્મા, મહિલા સેલ અને સીઆઈડી ક્રાઈમના આઈ.જી.પી. અનિલ પ્રથમ, ગાંધીનગર રેન્જના વડા ડૉ. શમસેરસિંઘ, અમદાવાદની જાણીતી આવાજ સંસ્થાના અધ્યક્ષા ઈલાબેન પાઠક, જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ તથા વિવિધ એન.જી.ઓ. સંસ્થાના પ્રતિનિધિ હાજર રહ્યા હતા. આ સેમિનારનું ઉદ્ઘાટન રાજ્ય પોલીસ વડાએ કર્યું હતું.

આ સેન્સીટાઈઝેશનમાં મહિલા સુરક્ષા સ્કવોડની રચના કરી તેમાં જરૂરી મહિલા પોલીસની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં જરૂરી મહિલા પોલીસ બાઈક તેમજ પોલીસ જીપમાં હાજર રહી પેટ્રોલીંગ કરશે. આ ઉપરાંત ગાંધીનગર રેન્જના દરેક જિલ્લામાં આવેલ તમામ શહેરોમાં હાલના તબક્કે સવારના શાળા કોલેજો શરૂ થવાના સમયથી છુટવાના સમયે સઘન તબક્કાવાર પેટ્રોલિંગ કરવામાં આવશે. આ સિવાય મહિલાની ફરિયાદ માટે એક અલાયદો મોબાઈલ નં. ૯૪૨૬૬૭૧૦૯૬ તથા પોલીસ હેલ્પલાઈન નંબર ૧૦૯૧ તથા ૧૦૦ કાર્યરત કરવામાં આવે છે. ૧૦૯૧ આગામી મંગળવાર સુધીમાં કાર્યરત થઈ જશે.

અવરનેશ અને સેલ્ફ ડીફેન્સ માટે વિવિધ સંસ્થાઓ મહિલા જાગૃતિ, મહિલા સુરક્ષા કમીટીની રચના, શાળા કોલેજમાં ડિફેન્સની ટ્રેનિંગ આપવી ફરિયાદ પેટી અને કો-ઓર્ડીનેશન કરવા જેવા વિવિધ મુદ્દાઓને લઈ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગાંધીજીનું ખમીર ગામડાઓને ગમ્યું

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે તેમનું ધ્યાન હિન્દુસ્તાન તરફ હતું. પોતાના આંદોલનની ખાસ વાતો ભારત પહોંચાડતા હતા. રવિન્દ્રનાથ ટાગોરે ફિનિક્સ આશ્રમવાસીઓને શાંતિનિકેતન આશ્રમમાં રાખવાની વ્યવસ્થા કરી આપવાનું વચન ગાંધીજીને આપ્યું જેથી ગાંધી હિન્દુસ્તાનમાં પાછા આવે. ગાંધીના



રાજનૈતિક ગુરૂ ગોપાલકૃષ્ણ ગોખલેજીએ ગાંધીને હિન્દુસ્તાન આવવું જોઈએ અને કામ કરવું જોઈએ તેવું ગાંધીને નિમંત્રણ આપ્યું. ગોખલેજીની વાતમાની ગાંધીજી દક્ષિણ આફ્રિકા છોડી ભારત આવ્યા. ગોખલેજીએ ગાંધીજીને કહ્યું હતું કે તમારે શું કામ કરવું તે તમારે નક્કી કરવાનું રહેશે. કામ શરૂ કરો તે પહેલાં દેશને જોઈ લેશો, સમજી લેશો, આંખો ખુલ્લી રાખી જોસો- કાન ખોલી સાંભળશો. એક વર્ષ પછી જાહેરમાં ભાષણ આપશો. ગાંધી આખા દેશમાં ફર્યા. ૧૯૯૬ માં શહેરોમાં, સંસ્થાઓમાં બીક ખુશામત રીતે પ્રગટ થાય છે. પશ્ચિમનું અનુકરણ થાય છે. તે ગાંધીજીએ જોયું. તેમને માતૃભાષા ઉપર વધુ પ્રેમ હતો તેથી હિન્દુસ્તાનીઓને ગાંધીજી ઉપર વિશેષ પ્રેમ ઉભો થયો. ગાંધીજીનું ખમીર ગામડાઓનો ગમ્યું. લાઉડસ્પીકર વીના લોકો સુધી સંદેશો પહોંચતો કારણ તેમનું પહેલું માધ્યમ ગાંધીનું જીવન હતું.

**પૂજ્ય નારાયણભાઈ દેસાઈના વ્યાસાસને ગાંધીકથા (દિવસ ત્રીજો) - સંકલન - રમેશભાઈ મ. પટેલ**

બીજુ માધ્યમ પરસ્પર વાતચીતનું હતું.

ત્રીજી માધ્યમ આંદોલનોનું હતું.

ચોથુ માધ્યમ લેખનકાર્યનું હતું.

૫૦-૬૦ વર્ષ સુધી પત્રકારત્વનું કામ કર્યું. આવો ગાંધી

આવ્યો આવ્યો ઝુંપડીએ રે,
વ્હાલીડો મારો આવ્યો રે.
મારા જીવનમાં પલટો રે
ગાંધીડો મારો લાવ્યો રે

સ્વરાજ માટેની કામગીરી ચાલી રહી હતી. સ્વરાજ મારો જન્મ સિદ્ધ અધિકાર છે તેવી ઉદ્ઘોષણા લોકમાન્ય

● અનુસંધાન પાન-૭ પર

Hotel Pathikashram
M. 99250 23554
Morning Break-fast Rs. 89/-
Gujarati Traditional Lunch Rs. 170/- also Available
Punjabi Chinese & South Indian
Pulav, Sendwich, Pizza, Bhajipav & Ice-cream, Coldrinks, Available up to Latenight

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

અલ્ટ્રાટેક
એન્જિનિયરની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ : શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
(O): 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

KISAN
TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
SANDHI STEEL - ISI
BENELAVE
FIXIT
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com